પત્રપોથી.

શ્રી જૈનધર્મના મહાનપુજ્ય શ્રી દેવગુરુસ્વામી.

ઉપર કાવ્યમાં લખેલા પત્રોનો

સંગ્રહ તથા ઇતિહાસ.

રચનાર

વકીલ શામજી રતનશી—અમરેલી.

છપાવી પ્રસિદ્ધ કરનાર

તથા રચનાર

શા. શામજી ઓણા—અમરેલી.

अमदावाद

મામાની હવેલીમાં યુનાઇટેડ પ્રીન્ટીંગ અને

જ૦ એ૦ કં૦ "લિમિટેડ" ના પ્રેસમાં

રણછોડલાલ ગંગારામે છાપી.

સંવત ૧૯૪૩. સને ૧૮૮૭.

આ પુસ્તક સર્વને મફત વેંચવામાં આવ્યું છે.

પત્રપોથી.

શ્રી જૈનધર્મના મહાપૂજ્ય શ્રી દેવગુરૂસ્વામી
ઉપર કાવ્યમાં લખેલા પત્રોનો
સંગ્રહ તથા ઉવરાસ.

રચનાર
વકીલ શામજી રતનશી—અમરેલી.

છપાવી પ્રસિદ્ધ કરનાર
રચનાર તથા
શા. શામજી ઝીણા—અમરેલી.

અમદાવાદ

મામાની હવેલીમાં યુનાઈટેડ પ્રીન્ટીંગ અને
જ૦ એ૦ કં૦ "લિમિટેડ" ના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપી.

સંવત ૧૯૪૩. સને ૧૮૮૭.

આ પુસ્તક સર્વને મફત વહેંચવામાં આવ્યું છે.

પ્રસ્તાવના.

આ પુસ્તક બનાવવાનો હેતુ એવો છે કે જૈનધર્મના મહાન પુજ્ય શ્રી દેવજીસ્વામી ઉપર મેં વારંવાર જ્યાં જ્યાં તેઓ વિહાર કરતા ત્યાં તેમના ઉપર કાવ્યમાં પત્ર લખેલા હતા. એ પત્રો અમરેલીના અપાશરામાં વારંવાર વાંચવામાં આવતાં, શ્રાવકોની ભલામણ થઈ કે તે પ્રસિદ્ધ કરી દરેક ગામના શ્રાવકને વાંચવા લાભ આપવો, તથી તથા એ પત્રોનો મતલબ જૈનધર્મની ચડતી થવાની વાતો તથા જૈનસાધુના ખરાં વખાણ એ રીતે પત્રોનો સાર છે. તેથી પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. દરેક જૈનધર્મીભાઇને ભલામણ છે કે દરેક પદ વાંચવું ને તેનો અર્થ સમજવો ને તે ઉપરથી પોતે શુદ્ધ શ્રધા રાખવી ને બનતા પ્રયત્નથી ધર્મની ક્રીયા પાળવી ને સાધુ સાધવીની સોબત કરી ધર્મની વાતો કરવી, ને જ્ઞાન મેળવવું જેથી આત્માનું કલ્યાણ થશે. આ પુસ્તકમાં જો કાંઈ ખામી હોય તે બદલ દરેક ધર્મીભાઇએ ક્ષમા કરી સુધારી વાંચવા મહેરબાની કરવી.

તારીખ ૨૦ માહે માર્ચ સને ૧૮૮૭ મુ. અમરેલી.

લી. ગ્રંથકર્તા.

શ્રી

પુજ્ય સાહેબ ઉપર ધારી મુકામ તરફ લખેલો પત્ર.

ચોપાઈ.

સ્વસ્તશ્રી ધારી શુભ સ્થાન, વસે ગાદીધર ગુણવાન;
દીસે દેવજી સ્વામી દયાળ, મહા મનથી દીસેછે મયાળ. ૧
લખીતંગ અમરેલીથી આજ, સેવક શામજીછે મહારાજ;
તીખુતોનો પાઠ બહુ ભણી, ધાટે વંદણા કરૂછું ઘણી. ૨
ગરીબ કેરા ગુના માફ કરો, હાલ દુઃખ અમારાં હરો;
દીન ઉપર દયાછે ઘણી, એવી આશા રાખું તમતણી. ૩
મને યાદ આપ બહુ કરો, આપ તણો મારે આશરો;
સ્વામી સ્વીકારો વંદણા સાર, ઉપકાર માનીશ અપાર. ૪
પાપી પ્રાણી હું અપરમપાર, ગુણસાગર આપ અપાર;
કીહાં મેરૂ તરણું તોલ કરૂં, આપ મેરૂ તરણું હું ઠરૂં. ૫
કીહાં ચંદ તારાનો તોલ, કીહાં વાજીત્રને વળી ઢોલ;
કીહાં બગલો ને હંસ કે'વાય, લક્ષણ ઊંચાં આપનાં લેવાય. ૬
કીહાં કોયલ ને વળી કાગ, કીહાં જંગલ ને વળી બાગ;
કીહાં સુમદાતાનો સુમાર, લક્ષણ ઊંચાં આપનાં અપાર. ૭
બાળ બ્રહ્મચારી સ્વામી સદા, કાંહી સુખ લીધાં નહીં કદા;
વેઠો ઝાઝા પરીસારે પંડ, દેહે વેઠોછો ઝાઝા દંડ. ૮
ધન્ય ધન્ય આપ અવતાર. ધન્ય આપ જનુની ઉધાર;
ધન્ય ધરમ ઊંચો જૈન ધર્યો, સ્વામી સિધ મનોરથ સર્યો. ૯
ભેદ સંસારી સાધુ ઘણો, ધન્ય જન્મ સાધુ તમતણો;
સુખ સ્વપ્નમાં જોયું ન સાર, અજબ મુજને દીસેછે અપાર. ૧૦

સાથે વસતા તપશી મ્હારાજ, દીસે ધરમની જેને દાઝ;
પથ્થર જેવા પલાળે જેહ, દીસે ગ્નાન ઊંડું જેની દેહ. ૧૧
ટાઢ તાપ વેઠે જે વળી, ગુણે લાગે તપશા બહુ ગળી;
વાંદુ એમને વારમવાર, નેહ આણી નિશ્ચે નીરધાર. ૧૨
સ્વામી જાદવજી ગુણ ગાઉં, રીત જોઇને રાજી થાઉં;
બાળ બ્રહ્મચારી જેહ બન્યા, હૈયે ત્રીવીધી તાપને હણ્યા. ૧૩
ધન્ય સુખ સંસાર અસાર, એવું માનીયું જેણે અપાર;
છોડ્યો ગ્રહસ્થાવટનો ધાટ, લીધો સંજમનો શુભ ઠાઠ. ૧૪
બુદ્ધિ બાળપણે બહુ ભણી, જેણે હીણતા માત્રજ હણી;
છોડી માયાને મિલ્કત ઘણી, બલીહાર માનું તે તણી. ૧૫
છોડ્યાં સગાં સહોદર સહુ, બલીહાર બુદ્ધિ જેની બહુ;
પુરાં પરણામ શુધ સદાય, જેને કુબુધી નહીં કદાય. ૧૬
વાંદુ એમને વારમવાર, નેહ આણી નીશ્ચે નીરધાર;
વિદ્યા વધજો ને વારમવાર, ગુરૂ આશીશ એવી અપાર. ૧૭
સ્વામી સરવે સુખીયા સદાય, બાધી બવહારની ન કદાય;
ક્રોધ કાયા વીશે નવ કર્યો, ધારણાથી અહંકાર ન ધર્યો. ૧૮
મોહ માયા અંતરથી તજી, ભાવે લીધા હરીને ભજી;
કુડ કપટ કાયામાં ન હોય, એવા કળીયુગમાં ના કોય. ૧૯
સ્વામી કેમ ગુણ કહી શકું, તુર્ત બુધીએ નાહીં ટકું;
હવે કેતાં હારી જાઊંછું, ગુણ જોઈ ખુશી થાઊંછું. ૨૦
યાદ કરે શ્રાવક અહીં તણા, નામ સમરે આપનાં ઘણા;
સ્વામી સરવે ઉપર મેર કરો, દરશણ દેવા પધરામણી કરો. ૨૧
જેમ સુધાર્યું આપે આ ગામ, તેવું સુધરશે ધારી ધામ;
એવી આશા આજે ઉર ધરૂં, ઠીક આનંદથીતો ઠરૂં. ૨૨

થોડું લખ્યું ઘણું જાણજો, સ્વામી બોલ મારા માનજો;
ઉત્તર પત્ર કેરો આપજો, કષ્ટ શ્રાવકનાં કાપજો. ૨૩
શેવક શામજી આશા કરે, ઠાઠ આપનો જોઈ ઠરે;
કૃપા ગ્રાજી મુજપર કરો, હીણતા મારી ગ્રાજી હરો. ૨૪
કામકાજ સુખે ફાવજો, સ્વામી કોઈ અત્રે આવજો;
મે'ર ગ્રાજી મુજપર કરો, કષ્ટ મારાં હમેશાં હરો. ૨૫

પુજ્ય સાહેબ ઉપર બરસરા મુકામ તરફ લખેલો પત્ર.

તા. ૧૨--૨--૮૬.

ચોપાઈ.

સ્વસ્તશ્રી બગસરા શુભ સ્થાન, વસે ગાદીધર ગુણવાન;
શોભે સંઘાડાના શીરદાર, દયાનીધી મોટા દાતાર. ૧
શોભે તેજ શશીસમ સાર, ગુણવંત ગુણના ભંડાર;
ભાનુ તૂલ્ય ભારેછે ભાર, રૂપ રૂડેરૂ અપરંપાર. ૨
ધન્યભાગ્ય બીરાજવું થાય, જરૂર કષ્ટ ત્યાંનાતો જાય;
રોગ વ્યાધી તીહાં નવ રહે, અનેક ઉપમા કીંકરતો કહે. ૩
અમરેલીથી લખીતંગ આજ, શેવક શામજીછે મહારાજ;
ભારે ભાવે વાંદુછુ આ વાર, સ્વીકારોને સાંવુ શીરદાર. ૪
છતી રીધીના ત્યાગીછો તમો, અવગુણી દીસુંછું અમો;
વ્યવહારે વીંટાયોછું અમો, તેનો ત્યાગ કર્યોછે તમો. ૫
કોટી ધર્મ વૃધી કરનાર, હેતે દુર્ગુણના હરનાર;
શોભે ગુણસાગરના સમો, ખરે ખાબોચીયારૂપ અમો. ૬
કીંહાં સીંહ શીયાળજ સાર, ગુણ ઊંચા આપના અપાર.
કીંહાં હસ્તીને કીડી કેવાય, ગુણ ઊંચા આપના લેવાય. ૭

કીંહાં જોગીને ભોગીજ ભણું, ગુણ ઊંચો આપનો ગણું;
કીંહાં ત્યાગીને રાગીનો તોલ, બહુગુણીછે આપનો મોલ. ૮
કીંહાં શુક સુડાનો સાર, ગુણ ઊંચા આપના અપાર;
શશી સૂર્યમાં ફેર સદાય, શીતળતા આપમાં વદાય. ૯
એવી. ઉપમા અપરંપાર, લખે થાકી જાઊં આ વાર;
પામુ કોદી નહી હું પાર, ઉપમા શુભ અપરંપાર. ૧૦
પાપી પ્રાણી દીસુંછું અમો, ધર્મી જીવ દીસોછો તમો:
દુરગુણ દુર અમારા કરો, ખરે આશરો આપનો ખરો. ૧૧
મોટા મુર્ખ સામું નવ જુએ, મેર હોવતો મુર્ખતા ખુએ;
નકી એવાછે શાસ્ત્રનો ન્યાય, સ્વામી સાચું કહુંછું સદાય. ૧૨

છપ્પા.

હે ગુણવંત ગુરૂરાજ આજ અમને ઉગારો,
હે ગુણવંત ગુરૂરાજ તાપથી અમને તારો;
હે ગુણવંત ગુરૂરાજ બોધ બોળોતો આપો,
હે ગુણવંત ગુરૂરાજ કષ્ટ શ્રાવકનાં કાપો.
કર ગ્રહી કીંકરપર આજમાં, કરૂણા કાયાથી કરો,
દરશણ દેવા વળી આવશો, આપતણો છે આશરો. ૧
મોટા હે મુનીરાજ, મેર અમઉપર ઝાજી,
મુખ દીઠે દુખ જાય, રાત દીવસ અમ રાજી,
છોડ્યું આપ આ ગામ, અધિક દીસે ઉદાસી,
બહુ આનંદી આજ, બન્યા બગસરા વાસી,
પુર પધારવું આંહીં હતું, આનંદ ઓછવ બહુ હતો,
શોક તાપ વ્યાપી રહ્યો, છેક કરીએ કેમ છતો. ૨
મહાન યાતી મોજ, આપ મુખ અમૃત વાણી,

વખાણ વારંવાર, જરૂર લેતાતા જાણી,
દેતાતા દ્રષ્ટાંત, ધર્મના સારા ધારા,
કર્યા કેમ આ કાળ, એહનાતો ઉધારા,
કોણ સાધુ સતી સોંપી ગયા બોધ દેવા બહુતો વળી,
કેમ વિચાર આપે નવ કર્યો હમો ગયા હૂતા હળી.. ૩
ઠીક બન્યોતો ઠાઠ, અપાશરે એ વારે,
શ્રાવક અપરંપાર આવતા હતા ત્યારે,
મોહ પમાડ્યો ઘણો, બોધ આપી બહુ ભારે,
રેહે ગુરૂ બહુ દીન, આશ અંતર ઉતારે,
દીલ દગો દેઈ દુર કયમ કર્યા, સ્વામી કેમ અહીંથી સંચર્યા,
સંભારે સરવે શ્રાવકો, પુજ્ય સાહેબ કયમ પરવર્યા. ૪
આનંદ ઓછવ હતો, સંઘ જમતાતા સારા,
લાવે લાણાં થતાં વહેંચવાનાતો વારા,
દિક્ષા કેરો ઠાઠ, દીસતોતો એ વારે,
સમો ન એવા સદા, આવશે વારંવારે,
એ ઠાઠ થકી અળગા કરી, સ્વામી કયમ અહીંથી સંચર્યા,
સંભારે સરવે શ્રાવકો, પુજ્ય સાહેબ કયમ પરવર્યા. ૫
હોયે નાનો બાળ, માત વીણ કેમજ ચાલે.
હોયે નાનું વત્સ, માતવીણ સંકટ સાલે,
માનું નદીનું મચ્છ, જળવીણ કેમજ જીવે,
સાધન વીણતો સઈ, વસ્ત્ર રૂડાં કેમ શીવે,
તેમજ ગુરૂવીણ ગમતું નથી, સ્વામી કયમ અહીંથી સંચર્યા,
સંભારે સરવે શ્રાવકો, પુજ્યસાહેબ કયમ પરવર્યા. ૬
કરો ક્રીપા આ કાળ, પધારવાની પુરી,

એવી રાખું આશ રહેશે નહીં અધુરી,
પધારશો ગુરૂ જ્યાર, ખાણ હીરાની આવી,
માનીશ એવું મન, લક્ષ જાજેરૂં લાવી,
માટે કરજો બહુ મેરતો અરજી મારી સાંભળી,
શેવક શામજી ગરજે ગણે સાકર પણ તેથી નવ ગળી. ૭

સમરે શ્રાવક સર્વસ્ત, આપને વારંવારે
અંતરે રાખે આશ, ગુરૂ દર્શણ ગુણધારે,
અતી ઉદાસી દીસે, એહનીણ સરવે આજે,
આપ વીના આ વાર, દીલમાં ઝાઝું દાઝે,
અરજી અમ એથી સાંભળી, ગુરૂ પધારજો આ ગામમાં,
વારંવાર વીનતી કરે, કહે ધરમના કામમાં. ૮

સુધારીયું આ ગામ, ધામ ધારી જેમ સારૂ,
તેમ બગસરા ગામ, વળી સુધરશે વારૂ,
એવી અંતર આશ રૂડેરી સરવે રાખે
જુઠું કહું ન જરાય, ભાવથી સાચું ભાખે,
ધન ધન મુની મોટા માનીયે, પારખ ધર્મના પ્રમાણીયે,
જ્યોતીકાર જશદાયક લાયક વીશ્વમાં વખાણીયે. ૯

શાંત સ્વભાવે સદા, કદા ક્રોધી નવ કાયા,
તુચ્છ ગણી આ વાર, મોટી જંજાળી માયા,
ત્યાગ્યા સરવે સ્વાદ, વાદ કોશું નવ કીધો,
વળી સમરે સહુ વીશ્વ, લાવ જશનો બહુ લીધો,
ધન ધન મુની મોટા માનીયે, વાંદીયે વારમવારમાં,
એથી બીજું શું છે અધીક સુખ મોટું સંસારમાં. ૧૦

દુહા.

હવે હાથ જોડી કહું, હે મોટા મુનીરાજ;
ભુલચુક મુજ હોય તે, તનથી કરજો તાજ. ૧
સંભારે સહુ શ્રાવકો, અમરેલીના આજ;
વીધીપુરવક વંદણ વળી, સ્વીકારજો સીધરાજ.. ૨
ત્યાંના શ્રાવક શ્રાવીકા. ગુણીયલ જે.કેવાય,
યાદ કરેછે એમને, સરવે શ્રાવક આંય. ૩
ધર્મ ધ્યાન બહુ સહુ કરે, એવું કેજો આપ;
બગસરા બહુ દીપતું, મનાય મોટું માપ. ૪
અત્રેના શ્રાવક સદા, સુખીયા અપરંપાર;
ધર્મ ધ્યાન બહુ સહુ કરે, એ કહુંછું નીરધાર. ૫
દર્શણ કરવા દીલમાં, અંતર આશા આજ;
એક વારતો. આવજો, હે મોટા મુનીરાજ. ૬
તપશીજી મહારાજને, વાંદુ વારંવાર,
દેવચંદજી સ્વામીને, એ રીતે નીરધાર. ૭
સ્વામી જાદવજી સદા, સુખીયા જે કેવાય;
વાંદુ એમને વાલથી, લક્ષણ શુભ લેવાય. ૮
ઇચ્છું આખર એટલું, ગાદીધર ગુરૂરાજ;
જૈનધર્મ જશ વાધજો, આશીશ આપો આજ. ૯
મેઘાણી આદી ઘણા, શેઠીયા સરદાર;
કરૂં એમને આ સમે, ઝાઝા હું જુહાર. ૧૦
ગુણ વર્ણન ગુરૂરાજના, પાખે નાવે પાર;
મતી મુંઢ હું માનવી, ભૂતળમાં બહુ ભાર. ૧૧
માફ કરો મુજ દોષને, અવગુણ અપરંપાર;

શેવકને સુધારજો, સંઘાડા શીરદાર. ૧૨
ઉતર આજે આપજો, પત્ર તણો પ્રીયકાર;
આશા રાખું એટલી, હું કીંકર આ વાર. ૧૩
મણીતૂલ્ય મારાજ છો, હુંતો કાચ સદાય,
ઉપમા ઝાઝી આપને, વારંવાર વદાય. ૧૪
શામજી કેછે આ સમે, કરૂણામય કરનાર;
પધારજો આ ગામમાં, આપ ગુરૂ પ્રીયકાર. ૧૫

પુજ્યસાહેબ ઉપર પોરબંદર તરફ લખેલો પત્ર. તા. ૭-૮-૮૬

રામ લક્ષ્મણ વનમાં સીધાવતા-એ જાતનો રાગ છે.

સ્વસ્ત શ્રી પોરબંદર સોહામણું, વસે ગાદીધર ગુરૂરાજ.
કાગળ લખું કોડથી.
સ્વામી દેવજી આ સમે શોભતા, કરે ધર્મનાં રૂડાં કાજ. કા૦ ૧
લખીતંગ અમરેલીથી આ સમે, શીષ્ય શામજીછે મહારાજ. કા૦
તીખુ તેનો પાઠ ભણી આ તકે, અતી વાંદુ મુનીને હું આજ. કા. ૨
મારા માથાના મુગટછો મુની, વળી હાલ હૈયાનાછો હાર. કા૦
મારી આંખની કીકીછો હે ગુરૂ, મારા શરીરતણા શણગાર. કા. ૩
સ્વામી તમ વિના ઉદાસીછે અતી, ભાવે ભાવે નહીં ભોજન. કા૦
સ્વામી તમ વિના સુનો સંસારછે, અતી ઝેર ગણું હું અંન. કા. ૪
મારે બેસવા બેઠકછે નહીં, મારે સુવાની છે નહીં સેજ. કા૦
હીરા લાવે પથર કોણ પારખે, રૂડાં રત્ન વિના કોણ રેજ. કા૦ ૫
ગુણ સાગરની ગણના વિશે, આપ મુખેછે અમૃતધાર. કા૦
મુની ઇચ્છા સાંભળવા આ સમે, વળી આપ વખાણ આવાર. કા૦ ૬
મારે સુનાં મંદીરને માળીયાં, મારે સુનાંછે સુખ સંસાર. કા૦

કામ ક્રોધને મોહ માયા તજી,સ્વામી એવા અવગુણ અપાર.કા.૭
બાળ બ્રહ્મચારી સ્વામીછો સદા, સાધ્યાં કાંઈ ન સુખ સંસાર.કા૦
ધન્ય ધન્ય મુની એછે આપને,આપ ઉપમાછે આજ અપાર.કા ૮
આપ આતમાઅર્થીછો આ સમે, ક્રિયાપાત્ર ગુરૂ કીરતાર. કા૦
ધર્મજાત્ર ધુરંધર દેવછો, છતી રીધીના ત્યાગી અપાર. કા૦ ૯
વડા વૈરાગવંતછો હે ગુરૂ, લજ્જાકેરા ન લોપણ હાર. કા૦
સ્વામી શમતાના સાગરછો સદા, દીસો આજ દયાદાતાર. કા૦૧૦
સ્વામી શીતળતા ધરી આ સમે, ચંદ્ર માફકની ચતુરાઈ. કા૦
બારે તેજ સ્વામી ભાનુ તુલ્યછે, વારી સદગુણ કેરી વધાઈ.કા.૧૧
પુછું સુખશાતા ગુરૂ આપની પુછું તપશીજી કેરી આજ. કા૦
સ્વામી જાદવજી જશ જાણીયા, સુખશાતાએ હોશે સદાજ.કા.૧૨
માહા માંડણજી ગુણ માંડીયા, ટકી ધર્મમાં જેની ટેક. કા૦
શાતાએ મને હોશેજ આ સમે, વપ્રે વારીયો જેણે વિવેક.કા.૧૩
વાંદુ સર્વે મુનીને વાલથી, પ્રેમે પડી પડી આજે હું પાય. કા૦
ગુણ ઉત્તમ એમણેતો ગ્રહ્યા, એનું વર્ણન ના વરણાય. કા. ૧૪
હુંતો દીન સરવેનો દાસછું, પામર પ્રાણી છું હું આ વાર. કા૦
સ્વાદ સંસારનો મુને લાગીયો, લોભી ક્રોધતણો ભંડાર. કા. ૧૫
મારા અવગુણ મને સુજે નહીં, મારો કેમ થાશે ઉધાર. કા૦
તદા આપતો તારણ હારછો, એથી ચીંતા ન મુને લગાર. કા. ૧૬
મોહ માયા વાંસે લાગ્યાં માહરે, એનો શો કરવો ઉપાય. કા૦
આપો ઉપદેશ ગુરૂ આવારમાં, સેજે સુખ સદા થઈ જાય. કા. ૧૭
મહા મિથ્યાતીનું જોર ક્યમ વધ્યું, સ્વામી એનો દીસેશું સાર. કા૦
એ ાછી આસ્થા જીનપર ક્યમ થઈ, આદી ઉત્તર આપો આવાર.કા
જીવ કાયા જુદાં કેમ જાણવાં, એમાં હુંતો અપાર અજાણ કા.

૩૫ ઈશ્વરનું કેમ જાણવું, એનાં પુરાં દીયોને પ્રમાણ. કા. ૧૯.
ભવ મનુષ્યનો ઉત્તમ ભાળીયે, એણે કેમ લેવાં નહીં સુખ, કા૦
કદી સુખ ન લેશે આ કાળમાં, આગળ સુખ શાંછે સનમુખ. કા. ૨૦
વડો ઉદ્યમ કે ગુરૂ કર્મછે, કર્મરૂપ કોનું કેવાય. કા૦
પુન્ય પાપ ઓનેજ પ્રમાણીએ, એનાં લક્ષણ શું લેવાય. કા. ૨૧
એના ઉત્તર હે ગુરૂ. આપજો, અતી માનીશ હું ઉપકાર કા૦
શીખ શીષ્યને દેવાનો ધર્મ છે, સદા આપ સુધારણ હાર. કા. ૨૨
આંહી વસતાં મોટાં જે આરજાં, મુળીબાઈ સંતોકબાઈ સાર. કા૦
અતી પ્રેમથી હે ગુરૂ આપને, વાંદેવાલથી વારંવાર. કા. ૨૩
વાંચે રોજ વખાણસુ શોભીતું, આપે આજ ઘણો ઉપદેશ. કા૦
જ્ઞાની મહાસતી અમે માનીયે, જેમાં બુધી બણીછે બેશ. કા. ૨૪
સુખી શ્રાવક અમરેલી ગામના, કરે ધર્મમાં કોક કીલોલ. કા૦
જેને શ્રધા તે આવે અપાશરે, હાલ કેક કરે હોલદોલ. કા૦ ૨૫
સ્વામી સાચો કહ્યો સહુ સાર મેં, મીનમેખ ન એમાં લગાર. કા૦
ખોટું લખ્યે ખરાબીછે ઘણી, એમાં પાપ માનુંછું અપાર. કા. ૨૬
હવે મેર ગરીબપર કીજીયે, ભુલચુકની માફી હોય. કા૦
મારા દોષ નીવારણ તો કરો, આપવિણ કળીમાં ન કોય. કા. ૨૭
શ્રાવક સર્વે અમરેલી ગામના, વાંદે આપને વારમવાર. કા૦
ત્યાંના શ્રાવક શ્રાવીકા જે સહુ, એને કરેછે યાદ અપાર. કા. ૨૮
કરે ધર્મને ધ્યાન ઘણાં ઘણાં, એવું કેજો ત્યાંના સંઘમાંય. કા૦
ત્યાંના શ્રાવક શ્રાવીકા જે સહુ, પેંચે જાજા જુહારજ જ્યાંય. કા. ૨૯
ઉત્તર પત્ર કેરો ઝટ આપજો, જેથી પામીશ પ્રેમ પ્રસાદ. કા૦
મારી ભુખ જેથી ભાગી જશે, અતી આપને કરીશ યાદ. કા. ૩૦
શીષ્ય આપનો જે છે શામજી, દયા એપર કીજીયે આજ. કા૦

આપો દરશન દીનને આ પળે, પત્રરૂપી માહામુનીરાજ. કા. ૩૧

સમછરી પડકમણા બાબત ખમાવવાનો પત્ર. તા. ૩૦-૮-૮૬

ચોપાઈ.

સ્વસ્તશ્રી પોરબંદર શુભસ્થાન, રાજ રાજેશ્વર ગુણવાન;
સ્વામીદેવજી છો ગુણવાન, મોટું આપે સંરવકો માન. ૧
દીસો આપ દયામાંરે આજ, મોટા માનીતાછો મ્હારાજ;
વધે દીન દીન જાજેરૂં તેજ, આપ આગે હુંછું નીસ્તેજ. ૨
અમરેલીથી લખીતંગ આજ, શેવક શામજીછે મ્હારાજ;
અતી ભાવે વાંદુછું આવાર, પુન્ય માનીયે હે પ્રીયકાર. ૩
વાર એકસોને આઠગણી, તીખુતોનો પાઠ બહુ ભણી;
ભાવે વાંદુ મુજ ભગવાન, ગણી લીજીયે હે ગુણવાન. ૪
સુરજ આગે આગીયોરે જેમ, આપ આગે દીસું હું તેમ;
દીપ આગે પતંગીયો જેમ, આપ આગે દીસું હું તેમ. ૫
રાય આગે રંક આજ જેમ, આપ આગે દીસું હું તેમ;
સીંહ આગે શીયાળજ જેમ, આપ આગે દીસું હું તેમ. ૬
વાઘ આગે અજા આજ જેમ, આપ આગે દીસું હું તેમ;
હીરા આગે કાચ કહેવાય, લક્ષણ મારૂં એવું લેવાય. ૭
કોયલ આગે કાગ વળી જેમ, આપ આગે દીસું હું તેમ;
હંસ આગે વળી બગ જેમ, આપ આગે દીસું હું તેમ. ૮
ગુણ ખાણ ગણું ગુણવાન, મોટું જગતમાં મેળવ્યું માન;
પુછું સુખશાતા આપતણી, મોજ હોશે મારા શીરમણી. ૯
માહા માણેકચંદજી મ્હારાજ, શોભે ધર્મમાં જે શીરતાજ;
આદી એમને શાતા સદાય, ઇચ્છા સાંભળવા ઉરમાંય. ૧૦

કેવું ચોમાસુ ત્યાંનું કેવાય, કેવાં લક્ષણ શ્રાવકનાં લેવાય;
પુચ્છું ખબર એના આવાર, પુજ્ય લખીયે મુને પ્રીયકાર. ૧૧
ધામધુમ ત્યાં હોશેજ ઘણી, ખબર પુચ્છું આજે તે તણી;
ધર્મ ધ્યાનમાં નહીં મણાય, એવું પુચ્છું સાંભળવા આંય. ૧૨
ઓણ'ચોમાસુ અત્રેનું બેશ, જેમાં વિઘન નહીં લવલેશ;
ઘણા પોસાને પડકમણાય, સ્વામી ઠાઠે માઠે અહીં થાય. ૧૩
આરજાઓ અતી ગુણવાન, કરે શ્રાજેરૂ ધર્મને ધ્યાન;
વાંચે રોજ વખાણ વીશાળ, રૂડી વાણીછે જેની રસાળ. ૧૪
એથી આનંદ પ્રગટ્યો આજ, મણા એમાં નહીં મ્હારાજ;
મુળીબાઈ સંતોકબાઈ સાર, વાંદે આપને વારંવાર. ૧૫
ખમાવેછે વળી વારંવાર, કબુલ કરીયે હે કલ્યાણકાર;
સંભારેછે આપને સદાય, એવો મુનીનો છે મહીમાય. ૧૬

છપય છંદ.

ધન્ય મુની આવાર, પોરબંદર પરમાણું,
ધન્ય મુની આવાર, જરૂર જશદાયક જાણું;
ધન્ય મુની આવાર, પોરબંદર દીપાવ્યું,
ધન્ય મુની આવાર, અધીક અંતર ઓપાવ્યું;
ધન ધન મુની મોટા માનીયે, શે'ર ત્યાંનું શોભાવતા,
શ્રાવક સર્વે અત્રે તણા, ખાંતેથીજ ખમાવતા. ૧
અતી મુકી અહંકાર, વાર વારે હું વાંદું,
અતી મુકી અહંકાર, પડ્યો સંસારે સ્વાદું;
અતી મુકી અહંકાર,'પાય ગુરૂના હું લાગું,
અતી મુકી અહંકાર, ભાવથી નવ હું ભાગું;
ધન ધન મુની મોટા માનીયે, ધર્મ થંભ શોભાવતા,

શ્રાવક સરવે અત્રે તણા, ખાંતેથીજ ખમાવતા. ૨

ઘણો હતો અહીં ઠાઠ, ગયે વરસે ગુરૂરાજે,
ઘણો હતો અહીં ઠાઠ, કીલોલ ધર્મના કાજે;
ઘણો હતો અહીં ઠાઠ, અતી શ્રાવક પરદેશી,
ઘણો હતો અહીં ઠાઠ, દીસતા કોઇ ન દ્વેશી;
ધન ધન મુની મોટા માનીયે, સમો એજ સંભારતા,
શ્રાવક સર્વે અત્રે તણા, ખાંતેથીજ ખમાવતા. ૩

માણેકચંદજી સ્વામી, મહા મુબદારી ધારૂં,
કરૂં એમને આજ, વંદણા વારમવારૂ;
ધર્મ થંભ ધરનાર, શાંતરસવાળાસારા,
કદી નહીં કેનાર, ખરે બોલજ વળી ખારા;
ધન ધન મુની મોટા માનીયે, એ વિણ કાળ ગમાવતા,
શ્રાવક સર્વે અત્રે તણા, ખાંતેથીજ ખમાવતા. ૪

યાદ કરૂં આવાર, આપ મુખ અમૃતવાણી,
યાદ કરૂં આવાર, ધરમની દાઝજ જાણી;
યાદ કરૂં આવાર. કંઠ કોયલના જેવો,
યાદ કરૂં આવાર. સમો નવ આવે એવો,
ધન ધન મુની મોટા માનીયે, સારી પેઠે સમજાવતા;
શ્રાવક સર્વે અત્રે તણા. ખાંતેથીજ ખમાવતા. ૫

ઇંદર સભાનો રાગ છે.

રાજા હું મેં કોમકા ને ઇંદર મેરા નામ—એ રાગછે.

ગુરૂજી મારી વીનતી છે, આંજ અતી આ વાર;
માફ કરો મુજ દોષને તો, માનીશ હું ઉપકાર. ૧
જાણું નહીં હું ધર્મમાં કાંઈ, ઠાલો છે મુજ ઠાઠ;

અરેઅરાંતો એ કર્યાં નહીં, આજ કરેમતો આઠ. ૨
દોષ ઘણા દુનિયાં વીશે છે, તેમાં હું દરીઆવ;
બહુ મુજ ગુના બક્ષોને, આપ અતી ઉમરાવ. ૩
બુજો બુજો કરી આજ ખમાવું, માનીયે મ્હારાજ;
શેવક કેરી આ સમામાં, રેશે જેથી લાજ. ૪
ગુણ સાગર ગુરૂજી તમે છો, દોષ દમન કરનાર;
બુજો બુજો કરી આજ ખમાવું. વીઘ્ન સદા હરનાર. ૫
પારસમણીના તુલ્ય છો ગુરૂ, હીરાની છો ખાણ;
અજગા અમનેતો કર્યા છે, ગઈ અમારી લાણ. ૬
શેશ નાગની ફેણ માફક, તેજ આપનું આજ;
એક જીભાએ કેટલું હું, કહી શકું મ્હારાજ.
ધરમ ઝવેરી ધારીયે ગુરૂ, પારખના પ્રીયકાર;
અતી ધરમ ઓપાવીયો છે, સંઘાડા શીરદાર. ૮
દયા દુંદુંભી વાગીયાં છે, દેવ લોકમાં આજ;
આપ તણો જસ છે અતીશે, માનું છું મ્હારાજ. ૯
પ્રાંત કાઠીયાવાડમાંતો, શીરોમણી સરદાર;
સદગુણ કેરી ખાણ છો ગુરૂ, વળી દયા દાતાર. ૧૦
વાર વાર ગુરૂ પાય પડીયે, ખમાવીયે આ વાર;
આપ મુખે અમૃત વરશેછે, રૂડીછે રસધાર. ૧૧
માણેકચંદજી માનીતા છે, તપશીજી મહારાજ;
બુજો બુજો કરી આજ ખમાવું, આનંદમાંરે આજ. ૧૨
બાળ બ્રહ્મચારી બન્યા છે,' જાદવજી મ્હારાજ;
બુજો બુજો કરી આજ ખમાવું, આનંદમાંરે આજ. ૧૩
ધન્ય ધન્ય મુની જાદવજી છે, ઉમર છોટી આજ;

ધરમ ધ્યાન ધારી લીધાંછે, આનંદમારે આજ. ૧૪
સંજમ ધારી સ્વામી બનીયા, છોડીને સંસાર;
ધન્ય જનુની એમની છે, વાંદુ વારંવાર. ૧૫
માયા મીલકત છોડવીએ, મોટીછે મુસ્કેલ;
ધન્ય ધરમના ધ્યાનમાંતો, વળી ગઈ શુભ વેલ. ૧૬
અતી હોય ત્યાં આરજા જે, મોટા હે મુનીરાજ;
ભુજો ભુજો કરી આજ ખમાવું, આનંદમારે આજ. ૧૭
ત્યાંના શ્રાવક શ્રાવીકા જે, મનાય ગુણી મ્હારાજ;
ભુજો ભુજો કરી આજ ખમાવું, આનંદમારે આજ. ૧૮
ઓચ્છવ મારે આ સમામાં, દીવાળીના દીન;
પુરણ ગુરૂ પરતાપથીતો, અતી ધરમ આધીન. ૧૯
અવસર આવો આ સમામાં, આવે નહી મ્હારાજ:
ભુજો ભુજો કરી આજ ખમાવું, આનંદમારે આજ. ૨૦
પ્રગટે પુત્રજ વાંઝણીને, મોટા હે મ્હારાજ;
ખમાવતામાં માની લઊંછું, એવો આનંદ આજ. ૨૧
મળ્યું રાજ વિલાયત કેરૂં, મોટા હે મ્હારાજ.
ખમાવતામાં માની લઊંછું એવો આનંદ આજ. ૨૨
ફૂલ નહીં ને ફૂલ કેરી, પાંખડી ધરીયે આજ;
થોડે શબ્દે હું ખમાવું, માની લ્યો મ્હારાજ. ૨૩
જન્મ ધરીને દોષ કરીયા, મેંતો બહુ મ્હારાજ;
ભુજો ભુજો કરી આજ ખમાવું, આનંદમારે આજ. ૨૪
ઓછી આસ્થા જીન ધરમપર મેં રાખી મ્હારાજ;
ભુજો ભુજો કરી આજ ખમાવું, આનંદમારે આજ. ૨૫
અન્ય ધરમ ગુરૂ દેવને મૈં, માનીયા મ્હારાજ,

ભુલો ભુલો કરી આજ ખમાવું, આનંદમાંરે આજ. ૨૬
આડા અવળા વે'મને મેં, માનીયા મ્હારાજ;
ભુલો ભુલો કરી આજ ખમાવું, આનંદમાંરે આજ. ૨૭
ધંધા અર્થે ધુતી લીધા, મેં પેસા મ્હારાજ;
ભુલો ભુલો કરી આજ ખમાવું, આનંદમાંરે આજ. ૨૮
કુડ કપટ ચોરી કરી જે, ઉમરમાં મેં આજ;
ભુલો ભુલો કરી આજ ખમાવું, આનંદમાંરે આજ. ૨૯
બહુ નાદાની મેં' કરી જે, માનીતા મ્હારાજ,
ભુલો ભુલો કરી આજ ખમાવું, આનંદમાંરે આજ. ૩૦
દીલથી કરીયા મેં દગા જે, મોટા હે મ્હારાજ;
ભુલો ભુલો કરી આજ ખમાવું, આનંદમાંરે આજ. ૩૧
વાદ વિવાદ બહુ કર્યા મે. સગાં સહોદર સાથ;
ભુલો ભુલો કરી આજ ખમાવું, જોડીને બે હાથ. ૩૨
વિરોધ વાણી ઓચરી મેં, માત પીતાની સાથ;
ભુલો ભુલો કરી આજ ખમાવું, જોડીને બે હાથ. ૩૩
નાત જાતમાં જે કર્યા મેં, ટંટા સરવે સાથ;
ભુલો ભુલો કરી આજ ખમાવું, જોડીને બે હાથ. ૩૪
વા'લાને વેરી કર્યાં મેં, સંકટ આપી સાથ;
ભુલો ભુલો કરી આજ ખમાવું, જોડીને બે હાથ. ૩૫
વર્ણન્ જાણું શું કરૂં હું, કીડી કુંજર સાથ;
ભુલો ભુલો કરી આજ ખમાવું, જોડીને બે હાથ. ૩૬
અતી અવગુણ મારા થયા.જે, દુનીયામાં મ્હારાજ;
માગું માફી એહની હું; આનંદમાંરે આજ. ૩૭
સાગર તુલ્ય સ્વામી સદા છો, ખાબોચીયું હું ખાર;

જુજો જુજો કરી આજ ખમાવું, સંઘાડા શીરદાર. ૩૮
દોષ નીવારણ નાથછો મુજ, હાથ ગ્રહોને હાલ;
સુખ સાધન થઈ જાશે જેથી, જાશે સંકટ સાલ. ૩૯
સેવક કેછે શામજી આ, મોટા હે મુનીરાજ;
જુજો જુજો કરી આજ ખમાવું, આનંદમારે આજ. ૪૦

લલિત છંદ.

પરમ પુન્યહે ધર્મ નાયક, સુજશવાન છો સુખ દાયક;
ધરમ ધ્યાનતો મેં નહીં ધર્યા, કરૂણ સાગરા માફતો કરો.
કરમ વેદના મુજને નડે, મરમ વાત મુને નહીં જડે;
તરત દીનની સામમાં ફરો, કરૂણ સાગરા માફતો કરો. ૨
દુખિ જીવો ઘણા મેંજ દુભિયા, સુખ ઘણાં સદાકાળ સેવિયા;
અતિશ આપનો છેજ આશરો, કરૂણ સાગરા માફતો કરો. ૩
ગુણ હિણા અમેતો ગણાવતા, ખલક આપનેતો ખમાવતા;
વળિ ક્ષમારૂપી આપને વરો, કરૂણ સાગરા માફતો કરો. ૪
મરણ કે ક્યાં મેંજ માંકડો, અરર શો કરૂં આજ આંકડો;
હરણ કારતો કષ્ટરે હરો, કરૂણ સાગરા માફતો કરો. ૫
કતલ કે કીધી મેંજ કીડીયો, બહુ પીધી હશે જેહ બીડીયો,
ધરમવાનવો રોશના ધરો, કરૂણસાગરા માફતો કરો. ૬
પુરણતો અમે પાપમાં પડ્યા, અહરનીશ સંસારમાં સડ્યા;
પુરણ થાઉં હું કેમરે પરો, કરૂણ સાગરા માફતો કરો. ૭
બળ નહીં મને બુધી હીનરે, વળિ સદા દયા તો વીહીનરે;
ઝરણ હું સદા ઝેરનો ઝરો, કરૂણ સાગરા માફતો કરો. ૮
કપટના ભર્યા વેણ મેં કહ્યાં, સરવ કોઈના બોલ ના સહ્યા;
ખચિત દુખમાં આજ હું ખરો, કરૂણ સાગરા માફતો કરો. ૯

વળિ વઢ્યો બહુ સ્નેહી સાથરે, હિત રહ્યું નહીં મુજહાથરે;
મનથી માનીયે એહથી મરો, કરૂણ સાગરા માફતો કરો. ૧૦
ઝડપ જાુઠતો હુંજ બોલિયો, તરત ન્યાયતો નાહીં તોળીયો;
તરત સ્વાર્થ જે માહરો તર્યો, કરૂણ સાગરા માફતો કરો. ૧૧
સરળ ભાવથી શામજી કહે, જરૂર લાભ આ કાગળે લહે;
હરદમે દુખો માહરાં હરો, કરૂણ સાગરા માફવો કરો. ૧૨

પુજ્ય સાહેબ ઉપર પોરબંદર તરફ લખેલો વિનંતિ પત્ર.
યે ચરમ ચોમાસુ સ્વામીજી અઠે કરોજી. એ રાગ છે.
દર્શણ દેવા સ્વામીજી કીપા કરોજી, કીપા કરો કીપા કરોજી
દર્શણ દેવા સ્વામીજી કીપા કરોજી. એ ટેક છે.

ગુરૂદેવ મુરતી બીજી નહીં જોડ,
કીધે દર્શણ છેજી મુજમન કોડ;
કષ્ટ મારાં જાય કોડાનકોડ,
ધારી બીજે રસ્તે શા માટે કરૂં ખોડ. દ. ૧
મુને મળીયોછે ઉતમ ધર્મ આ એક,
ટકી રહે આશા મન મુજછે ટેક.
છકી જાઉં ન હુંતો એમાં બહુ છેક,
વડો જીનવરનો તો ધારૂંધું વિવેક. દ. ૨
ગુરૂદેવ સ્વામી દેવજી છો દયાળ,
પ્રાણી માત્રના છોજી આપ પ્રતીપાળ;
રૂડી વાણીછે આપની 'આજ રસાળ,
નકી સર્વને કીજીયે ગુરૂજી ન્યાલ. દ. ૩
પુજ્ય પોરબંદરે પધારીયાજી,

હૈયે હામ અમેતો હારીયાજી;
સ્વામી સ્નેહે આપને સંભારીયાજી,
પ્રેમ પ્રસાદ અમે પરવારીયાજી. દ. ૪
વડા વૈરાગવંત મુનીછો મયાળ,
દીસો સર્વ જગતના દીનદયાળ;
પ્રાણી કાયા ઉપર છો આપ કૃપાળ,
રૂડી રીતી મેં જોઇછે એજ રસાળ. દ. ૫
ઉઠશોજી ચોમાસુ ત્યાંનું મુનીરાજ,
લાવે રેહેવા હમારી ગુરૂ બહુલાજ;
નીશ્ચે પધારીયે અહીંતો મહારાજ,
જેથી શેવક સિધ મનોરથ સાજ. દ. ૬
મારા પાપ નીવારણ છોજી નાથ,
હેતે વાંદુછું જોડી જોડી બે હાથ;
ગુરૂ વિના આવેજ નહીં કોઈ સાથ,
બીજે રસ્તે ભરૂં શીદ આજ હું બાથ. દ. ૭
માહા માણેકચંદજી છે મહારાજ,
તપે તપશીજી નામ ધર્યું શીરતાજ,
અતી વાંદુછું એમને હું તો આજ,
મારાં સીધ થશે ધારેલાં સહુ કાજ. દ. ૮.
સ્વામી જાદવજી છે અતી જસદાર,
જેના પુન્ય તણોજ જોયો નહીં પાર;
અતી એમને વાંદુછું વારંવાર,
ભારે મારો થાશેજ તેથી ભવ પાર. દ. ૯
ભાખ્યો માર્ગ આ જીન તણોજ અપાર,

સુઝ્યો મુનેતો હાલમાં નીશ્ચય સાર;
અન્ય ધર્મમાં નાંહીં એવા ઉપકાર,
દયા સાગર ધર્મ આ અપરમપાર. દ. ૧૦
માહા મોહ લગાડ્યો ગુરૂ તમે અત્ર,
તમે વિજોગ આપી ગયા કેમ તત્ર;
મુને લાવવા સુજે નાહીં કાંઈ મંત્ર,
શોભો સંઘાડાના જી તમે શીર છત્ર. દ. ૧૧
આનંદી અમરેલી હતીજ અતી,
ગુરૂ વાસની એવીજ ન્યારી ગતી;
રૂડી અન્યમાં હોયજ કેમ રતી,
માફ માગું ઓછી છે મારીજ મતી.. દ. ૧૨
ગુરૂ વાસે હુતોજ આનંદ બહુ,
મળે જેમ આનંદ વાંઢાને વહુ;
સેજે સુખી હુતાજ શ્રાવીક સહુ,
કષ્ટ કેટલું હાલનું હુંજ કહું. દ. ૧૩
ગઈ સાલેજ ઓછવ હુતો અપાર,
ગુરૂ આપ તણો એજ મહીમા સાર;
એવો કાળ આવે ક્યાંથી વારંવાર,
પ્રેમી એવા છો પુજ્ય ઘણા પ્રીયકાર.દ. ૧૪
દીપી હુતી દીવાળી વળી ગઈ સાલ,
રૂડી દર્શન રૂપી રસોઈ રશાળ;
સ્વામી હાલ મારે છે સંકટનું સાલ,
દેઈ દર્શન દીનને કરોજી ન્યાલ. દ. ૧૫
અત્રે આરજા દીપેછે આજ અપાર,

વાંદે આપને પ્રેમથી વારંવાર;
મુળીબાઈ સંતોકબાઈ નામ છે સાર,
જેના મુખમાં દીસેછે અમૃત ધારે. દ. ૧૬
શ્રાવક શ્રાવીકા અહીંના આજ અપાર,
વાંદે આપને પ્રેમથી વારંવાર;
કબુલ કીજીયે મુની કલ્યાણકાર,
જેથી જાતા રેશે સહુતો ભવપાર. દ. ૧૭
ત્યાંના શ્રાવીક શ્રાવીકા જેહ અપાર,
જાજા પેંચે એમને આજ જુહારે;
અંતી એમનો માનીશું જી ઉપકાર,
ખમાવીયે એમનેજ વારંવાર. દ. ૧૮
દોષ દીનના જે હોય મુની આ કાળ,
સ્નેહે એની ગુરૂજી લીજીયે સંભાળ;
માનું મારોજ થાય ન વાંકોજ વાળ,
તેવો ગુરૂ પ્રતાપનો આજ છે તાલ. દ. ૧૯
અમરેલીથી લખીતંગ શામજી શીષ્યં,
દયા એ પર કીજીયે તો દીનનીશ;
ઓગણીસો ત્રેતાળીશ કાર્તીક નીશ,
ત્રીજ શુકલાને વાર શનીની દીશ. દ. ૨૦

ગોરાજી થે મને ગોડે ન રાખ્યો. એ જાતનો રાગછે.

કેમ વિજોગી ગુરૂ મુને કીધો,
દીન માત્રને આજ દગો કેમ દીધો. કેમ. ૧
પ્રીત આનંદથી હુવો આપનો ચેલો,
ઉર અંતરે રાખી મુને કેમ મેલો. કેમ. ૧

દુર દેશ મુનીએ મુકામજ કીધો,
લેશ માત્ર વિચારજ એ નવ લીધો. કેમ. ૨
દેશે કોણ મુને આજ દેશના દા'ડી,
લેર મોહની મુનીએ જાણી લગાડી. કેમ. ૪
પધારતા મારે ઘેર મુનીજી પ્યારા,
વળી આવે કેદી હવે એવાજ વારા.કેમ. ૫
સારા શેરમાં આનંદ ઓચ્છવ હુતો,
મુની વિના શોક સરવે સ્થળ સુતો. કેમ. ૬
પુજ્ય પોરબદરે ચોમાસુજ કીધું,
સ્વામી દેવજી સુખ ત્યાંતો બહુ દીધું.કેમ. ૭
ઓગણીસો ત્રેતાળીની શાલ અતીશે,
અમરેલીથી લખુંછું હું નેહ નીમીશે.કેમ. ૮
મુની માણેકચંદજી છે મુલદાર,
નડે વિજોગ એમનો વારમવાર. કેમ. ૯
મારે પુછવા ધર્મના પ્રશ્ન પ્રમાણ,
કહો કયાંહી જાવું મારા ચતુરસુજાણ.કેમ. ૧૦
ફેર વખાણ સુણવા છે બહુ આશા,
નકી એમાં હુધજ ગુરૂજી નીરાશા. કેમ. ૧૧
ઉર આશા છે મારે અંતરજામી,
ગુરૂ પધારીયે અત્રે ગુણગ્રામી. કેમ. ૧૨
શ્રાવક શ્રાવીકા ત્યાંના ઘણા શીરદારી
અતી યાદગીરી એમને કેજો મારી. કેમ. ૧૩
પુજ્ય પત્રનો ઉતર આવશે આંહી,
મોટી આશા એવીછે મારા મનમાંહી.કેમ. ૧૪

શીશ શામજી આજ છે પામર પ્રાણી,
જરૂર પધારીએ ગુરૂ દીનને જાણી. કેમ. ૧૫

ચરમ ચોમાસુ સ્વામી અહે કરોજી—એ રાગછે.
થીરરે મુકામ સ્વામી અહે કરોજી, અહે કરો અહે કરોજી.થી.ટેક.

સ્વામી વૃધ અવસ્થાછે આપતણી,
કાયા કોમળ દીસેછે આજ ઘણી;
મોટા દેવજી સ્વામી દીસોછો મણી,
અરે અવગુણ નાખ્યાછે આજ ખણી. થી૦ ૧

બાળ બ્રહ્મચારીપણું આપે ધર્યું,
કામ કલ્યાણનું તો આજ કર્યું;
તેજ તપશાથી આપનું આજ તર્યું,
મારૂં ચીત મળવાને આજ રહ્યું. થી૦ ૨

પીઓ પાણી ઉનાં તો આજ અગન,
મન પરંતુ માનોછો આજ મગન;
લાગી રહ્યું ધરમમાં આજ લગન,
જોગ તપશાનો માંડીયો આજ જગન. થી૦ ૩

દેશો દેશ ફરોછો દીનદયાળ,
તેજ તપશાનું આવીયું છે તતકાળ;
શાશ્ય કેરી લીઓછો જાજી સંભાળ,
ઉપકાર માનુંછું એનો કોટી કાળ. થી૦ ૪

સ્વામી સેવીયાં તડકોને ટાઢ અપાર,
સ્વામી સંસારી સુખનો જોયો નહીં સાર;
સ્વામી ચોમાસે પલળોછો અપરંપાર,

એનો કુલેશ ન કાયા વીશેજ લગાર. થી૦ ૫
કોય મીથ્યાતી કટુ વચન કહે,
કોય દ્વેશભાવ વચનેજ દહે;
રૂડી રીતીમાં સાધ મુનીજ રહે,
'લેશમાત્ર કુભાવ નહીંજ લહે. થી૦ ૬
સ્વામી શીયાળે વસ્ત્ર ઝીણાંજ શરીરે,
સ્વામી ઉનાળે પંખા ન હોય કદીરે;
સ્વામી ચોમાસે છત્રી સાધુ કોન ધીરે,
નીત કષ્ટ વેઠોછો આજ નકીરે. થી૦ ૭
ગુણ વર્ણન શું કરૂ હું ગુરૂરાજ,
એક જીભાએ કેટલું કહું મ્હારાજ;
શીષ્ય શામજી નમેછે હે મુનીરાજ,
અતી દોષ ક્ષમા કરીયે મુજ આજ. થી૦ ૮

રાણાપુર મુકામ તરફ લખેલો પત્ર. તા. ૨૨-૩-૮૬.

દુહા.

નમું સદગુરૂને નેહથી, સમરૂં સરસતી માત;
વાણીમાં વીલાસદ્યો, દયાળુ થઈ દીનરાત. ૧
નમું તીર્થંગર નાથને, મોટા હે માહાવીર;
લેખ લખું શુભ લક્ષથી, ધારણ આપો ધીર. ૨

ચોપાઈ.

સ્વસ્ત શ્રી રાણાપુર શુભસ્થાન, વસે ગાદીધર ગુણવાન;
ધારૂં ગોંડળ ગાદીના ધણી, શોભે સર્વમાં શીરોમણી. ૧
જનધર્મ વૃધી કરનાર, ધારૂં ધીરજના ધરનાર;

ઓપે અંતર શુભ ગુણ અતી, રૂડી શોભે હેયામાંરતી. ૨
જરૂર નામ સમરી કોઈ જુએ, ખરે દુખ સંસારી ખુએ,
કોઈ દર્શન ગુરૂનાં કરે, ફોગટ ફેરે આખર નવ ફરે. ૩
અમરેલીથી લખીતંગ આજ, શીષ્ય શામજી છે મ્હારાજ;
શાણા ગુરૂજીને આવાર, નેહ આણી વાંદુ વારંવાર. ૪
સ્વામી સ્વીકારી લેજો આવાર, ઉપકાર માનીશ અપાર;
આવ્યા પત્ર બે ત્યાંના અહીં, કોઈ વાતે ખામી તો નહીં. ૫
એક અવસાણી કેરો આજ, પોંચ્યો પત્ર મુને મ્હારાજ;
બીજો પત્ર દોલતભાઈ તણો, ખાટે રસનો ભરેલો ઘણો. ૬
ઉત્તમ એવા બે પત્ર અપાર, રૂડા લાગ્યા મુને રસદાર;
વાંચી વાણીમાં દીઠો વિલાસ, દાખે સાચું આપનોદાસ. ૭
પ્રેમ પ્રગટ્યો છે મુને અપાર, વાંચે શ્રાવીકો વારંવાર;
આશા સર્વે એવી ઉરધરે, વારંવાર પત્રો બહુ ફરે. ૮

છપ્પા.

ધન્ય દીવસ આવાર, ધન્ય ફાગણ બહુ ફૂલ્યો,
ધન્ય જૈનનો ધર્મ, દીલથી વેમજ ડૂલ્યો;
ધન્ય ગુણી ગુરૂરાજ, રાણપુરમાં બીરાજે,
ધન્ય શ્રાવક ત્યાંનાજ, સદા વસતા સુખ સાજે;
ધન ધન દોલતચંદ ધારીયે, મેહેતાજી મોટા મણી, .
પ્રીતી પુરણ પરમાણીયે, દાઝ ધરમમાં છે ઘણી. ૧
ભારે ધર્મપર ભાવ, રાખતા શ્રાવક ત્યાંના,
ગુણ રૂડા ગંભીર, માનુછું એજ મઝાના;
ગુરૂ ભક્ત ગણી લજી, ઉપમા ઝાઝી ઓપે,
મહા ધર્મનાં મૂળ, રીતથી સર્વે રોપે;

ધન ધન ધર્મના થાંભલા, રાણપુરી શ્રાવક રહ્યા,
ઉપમા બીજી શી ઓપતી, કોટીધ્વજ ગુણીયલ કહ્યા. ૨
ઓવટીયા તો આજ, શોભે શાંમળજી સારા,
ધર્મ સ્નેહ જુહાર, એમને કેજો મારા;
દેશાઈ કુશળચંદ, નાગજી, જીવાભાઈ,
ધર્મ સ્નેહ જુહાર, એમને કેજો ત્યાંઈ;
વળી વીરજી પોપટભાઈને, હીરાચંદ શોભી રહ્યા,
નારણજી, નથુ, માવજી, કાળાભાઈ બંને કહ્યા. ૩
દેવજી નામ દાતાર, વળી કરમચંદ કાવે,
વડા વણારશી શેઠ, દયા ધર્મ દીપાવે;
અતી મુકી અહંકાર, ગરીબ હું દાસ ગણાઉં,
આદી નામ એવાજ, બારી બાવેજ બણાવું;
સંભારે સરવે શ્રાવકો, અમરેલી કેરા અતી,
કરો ધર્મને ધ્યાન તો, મ્હારાજ આપે જ્યાં તો મતી. ૪

કુંડળીયા છંદ.

આશા અંતર એટલી, રાખુંછું આવાર,
જૈનધર્મની આ સમે, થાઓને જયકાર;
થાઓને જયકાર, શ્રાવકો ઝાઝા શોભે,
કરે ધર્મને ધ્યાન, રહે એમાં બહુ લોભે;
નમું આજ હું નાથ, નહીં કરશો નીરાશા,
મોટા હે મ્હાવીર, એવી રાખુછું આશા. ૧
શોભે સ્વામીદેવજી, દયાનીધી દાતાર,
હરદમ માનું હાલમાં, વીઘન સદા હરનાર;
વીઘન સદા હરનાર, વાણી વીલાસજ વાળી,

મહાન થાતી મોજ, ભારે ગુરૂને ભાળી;
શરણું લેવા ગુરૂરાજ, લાલચે મનમુજ લોભે,
કારણ છે ગુર ગુણીરાજ, સીયળ આદીકથી શોભે. ૨
મોટા માણેકચંદજી, મહામણી કેવાય.
દયાળુ મોટા દીપતા, લક્ષણ શુભ લેવાય;
લક્ષણ શુભ લેવાય, એમને સેવ્યે આજે,
એવા મુની આચાર, રાણપુરમાં બીરાજે;
દેવચંદજી સ્વામી, તથા જાદવજી છોટા,
વાંદુ વારમવાર, માણેકચંદજી છે મોટા. ૩
ઓપે મોટાં આરજા, મુળીબાઈ આવાર,
સંતોકબાઈ આ સમે, સદા દયા સરદાર;
સદા દયા સરદારે, માહાસતી કેવાયાં,
દાન શીયળને વૃત, આજ લક્ષણ લેવાયાં;
વાંદુ વારમવાર, કોય દી જે નવ કોપે,
મુળીબાઈ આદીક, આરજા ત્યાં તો ઓપે. ૪

કવિત મનહર છંદ.

ધન્ય રાણપુર ગામ, થયો જ્યાં મુની મુકામ,
ધર્મનું દીઠેલું ધામ, આજમાં અપાર છે;
દેવજી સ્વામી દાતાર, સંઘાડાના શીરદાર,
સદાય સંતોશતણા, એજ સરદાર છે;
સુણીયો સંસાર સાર, આજમાં અસાર યાર,
વાર વારે વીવેકની તલવાર ધારછે;
શામજી કહુંછું સાર, આજમાં હું તો અપાર,
વંદણા એવા ગુરૂને મારી વારંવાર છે. ૧

ઓડળના આદીધાર, દયા દીલ દીપકાર,
પ્રમાણમાં પ્રાણીયોને, ઘણા પ્રીયકાર છે;
લાલચ લોભ લગાર, ઉર નહીં અંગીકાર,
ખરે ખરો કોઈપર આજ નહીં ખાર છે;
સારૂ શાસ્ત્રતણો સમજાવનાર છે અપાર,
પાસ પોથીરૂપી હથીયાર તો હજાર છે;
શામજી કહુંછું સાર, આજમાં હું તો અપાર,
વંદણા એવા ગુરૂને મારી વારંવાર છે. ૨
માણેકચંદજી સ્વામી માહામુની મુલદાર,
રસીલા રૂડા મુની તો એજ રસદાર છે;
હોંસીલા હજારવાર પારખમાં પ્રીયકાર,
કાયા કષ્ટ વેઠવાને ઘણા કસદાર છે; .
જૈનધર્મ જ્યોતીકાર, અતી કરે ઉપકાર;
જરૂર એ ધણી વાતે ઘણા જશદાર છે,
શામજી કહુંછું સાર આજમાં હું તો અપાર,
વંદણા એવા ગુરૂને મારી વારંવાર છે. ૩
ઘણાં છોડ્યાં ઘરબાર સ્વામી જાદવજી સાર,
અચંબો મને તો આજ ઉરમાં અપાર છે;
સગાં સહોદર સહુ વેરી ગણી આજ બહુ,
ફટ્ દેઈ સ્ત્રીતી મહી કર્યો ફેરફાર છે;
સંજમનો દીઠો સાર ગુણ તો ઊંચા અપાર,
દયા ભણી ઘણી ઘણી આજ દરકાર છે;
શામજી કહુંછુ સાર આજમાં હું તો અપાર,
વંદણા એવા ગુરૂને મારી વારંવાર છે. ૪

આજ અમરેલી તણા શ્રાવકો કરેછે યાદ,
સ્વાદ ગયો સ્વામીના પધારવાથી શેરમાં;
વડા વીરચંદ મોતીચંદ કસનજીને,
પ્રેમજી કરેછે યાદ ઘણા ઘણા ઘેરમાં;
જગજીવનને વળી ટપાલજ વાળા વળી,
ગાંગજી ગુરૂના માટ ફરે આજ ફેરમાં;
શામજી ઝીણાને વળી મોતીચંદ બેહેચર,
નાગર જુઠા તો નવ રહેશે અંધેરમાં. ૫
કહું કેશવજી માસતર નામ મોટું દીસે,
મોનજી ઠાકરશી તો આજ શુભ માનીયે;
ટોળીયા શામજીને ગોસળીયા મુળજી છે,
લક્ષ્મીચંદ ભગાઆદી લક્ષમાં એ લાવીએ;
ધારૂં મોદી ધરમશી ડાયા અને માવજી છે,
જેરાજને વીઠલની રૂડી આજ વાણીએ;
આદી એવા શ્રાવકોની વંદણા સ્વકારો લેવી,
જુહાર શ્રાવક જનનેજ વળી જાણીએ. ૬
રાખુ આશ અંતરમાં આખર હું એટલીજ,
કેટલીકવાર ગુરૂ પધારો આ ગામમાં;
આપ ગ્નાન તો અપાર જૈનધર્મ જયકાર,
ધારૂં વારંવાર એવું અમરેલી ધામમાં;
જરૂર જેનંદજીને મોકલીએ ચોમાસામાં,
કહે સહુ શ્રાવકોજ ધરમના કામમાં;
શામજી હું સત્ય કહું પત્ર વારંવાર આવે,
ઠીક આશા રાખું બેઠો બેઠો આજ ઠામમાં. ૭

સદગુરૂ સદગુણ તણીછે ભરેલી ખાણ,
વાણીમાં અધીકો જોયો સર્વદા વિલાસ છે;
વખાણ વાણીમાં ભરી અમૃતની ખાણ આજ,
આતુર સાંભળવાને આપદીન દાસછે;
ગયાછો અનેરા ગામ કરવા મળે ન ઠામ,
નહી દીવસને રાત દાસતો નીરાશ છે;
ગમે નહીં ગાન તાન ભાન સહુ ભુલી ગયો,
શામજી મારા હૈયામાં કદી નવ હાંસ છે. ૮
ગુરૂવિના જ્ઞાન નહી ગુરૂવિના માન નહી,
ખાનપાન સહુ મારે જેવો ઝેરી ખારછે;
બેસવા બેઠક નહીં સુવા મારે સેજ નહી,
ભારે મીથ્યા ભુતળનો આજ મારે ભારછે;
વાતમાં વીલાસ નહી રૂડા ગમે રાસ નહી,
તરવાની ગુરૂ મારે નહી તરવાર છે;
શામજી હું શોક કરૂં ગુરૂ દીલ દયા નહી,
છોડી અમરેલી રાણપુરની મોઝાર છે. ૯
લખી લખી થાકી ગયો ગુરૂ પધારો આ ગાન,
તુંબડીમાં કાંકરા એ દાખલાનો તાલછે;
નગારાંની પાછળજ તતુડાનો તાલ જેવો,
એવી મારી માગણીમાં દીઠો આજ માલછે;
પ્રેમે કરી પધારીયા દરશન નવ દીધ,
હેતવાળો ગુરૂ એજ કેવોરે હેવાલ છે;
શામજી હું શોક કરૂં ગુરૂ દીલ દયા નહીં,
ગુરૂવીના આજ મારે સંકટનું સાલ છે. ૧૦

નીરમછ નીરવીણ રહી કેમ શકે કહો,
રણધીર રણવીના કેમ રહી શકશે;
સૂર્યવિના કમળ તો કેમ ખીલી શકે કહો,
તાપવીના કહો કેમ ઝાઝા દીન ટકશે;
વછવિના ગાય જેમ તેમ વિના વછગાય,
દોવા જાશે ત્યારે તેજ વારમાં વટકશે;
શામજી એ સ્નેહનાં નીશાન નકી ધારી લેજો,
છેક ગુરૂવિના શીષ્ય બહુ બહુ છકશે. ૧૧
માહા મોહ માયા લગાડીને ગુરૂ પરવર્યા,
કેમ યાદ આવો નહી અમારા અંતરમાં;
આપ રોકી રાખવાને નીશ્ચય કર્યો તો સહુ,
પણ મતી પોંચી નહી કોયદી મંતરમાં;
મંત્રને હું જુઠા ગણું હરદમ એને હણું,
પણ ગુરૂ બીજીવાર આવશો તંતરમાં;
શામજી કરૂંછું અનુમાન નહીં જાવા દઉં,
ઝડપ પકડી રોકી રાખશું જંતરમાં ૧૨

સોરઠા.

આપ વિના આ વાર, ગુરૂ ઉદાશી છે અતી;
જ્ઞાન માન દેનાર, કોને ગોતી કાઢીએ. ૧
વોરાવીએ આ વાર, કોને ઝાઝા કોડથી;
કોણ સાધુ સરદાર, ક્યાંથી ગોતી કાઢીએ. ૨
પવીત્ર પગલાં કોણ, દેખું આ દુનીયાં વીશે;
ગાદીધર ગુરૂ ઓણ, કયાંથી ગોતી કાઢીએ. ૩
પધારતા ગુરૂ ઘેર, મારે વારમવારમાં;

એ અવસર અંધેર, મારે આવ્યો હાલમાં. ૪
ભોજન પરના ભાવ, ખાતાં ખાતાં સાંભરો;
એવા ગુરૂ ઉમરાવ, ક્યાંથી ગોતી કાઢીએ, ૫
ચતુર હંસની ચાલ, ભારે હુંતો ભાળતો;
કદી સ્વપ્નામાં સાર, એ રીતે સંભારતો. ૬
લટકે લાકડી હાથ, પધારતા મુજ ઘેર જ્યાં;
હવે બાજી નવ હાથ, ગુરૂ વીના ગમતું નથી. ૭
મંગળીક સુણવા આજ, મરજી હોયે માહરી;
ક્યાં જાવું મુનીરાજ, રોજ રોજ કો રીતથી. ૮
કદી સમાક ન થઈ, શીખામણ દેવા વળી;
જરૂર મુજ ઘેર જઈ, મતી મુજને આપતા. ૯
ભારે ચળકે ભાલ, ગુરૂ આપનું ગામમાં;
તેવો ન મળે તાલ, આજે અમરેલી વીશે. ૧૦
જાતા દીશાએ જ્યારે, યાદ મુને ગ્રાગ્રો કરી;
પધારતા મુજ દ્વાર, એ અવસર ક્યાંથી મળે. ૧૧
કદી ન લેતા કોઈ, ચીજ આપ ચતુરાઈથી;
સમો ન એવો સોઈ, પરાણે દેવા પ્રીતથી. ૧૨
માણેકચંદજી માન, કદી નવ મોઢે માગતા;
દેતા જરૂર જવાબ, અમે બહુ વાંસે લાગતા. ૧૩
ઈશ્વર પાસે આજ, માગુ છેવટ એટલું;
પધારશો મુનીરાજ, અત્રે વારંવારમાં. ૧૪
દોષ ક્ષમા કરનાર, દીસો દીનના આ સમે;
કષ્ટ આપ હરનાર, આશા અંતર આજમાં. ૧૫

દુહા.

આશા મારે ઉરમાં, મોટા હે મુનીરાજ;
જવાબ આવે પત્રનો, આનંદ મારે આજ. ૧
રાણપૂર રૂડું દીસે, શ્રાવક સુખીયા સાર;
કરૂં એમને કોડથી, ઝાઝા હું જુહાર. ૨
લખીયે થોડું તોયપણ, ઝાઝું માનો જાણ;
રીત રૂડી વ્યવહારની, સમજી લ્યો સુજાણ. ૩
કામ કાજ કાવો સુખે, એવી શેવક આશ;
કરશે શેવક આપનો, અતી થાશે ઉલાસ. ૪
શેવક શામજી કે' સદા, આપ ક્ષમાની ખાણ;
માફ કરો મુજ ચુકને, સમજી ચતુર સુજાણ. ૫

તપશીજી માણેકચંદજી સ્વામી ઉપર લખેલો પત્ર.તા.૪-૨-૮૭

ચોપાઇ.

સ્વસ્ત શ્રી પોરાજી શુભ સ્થાન, વસે તપશીજીતો ગુણવાન;
સ્વામી માણેકચંદજી વસે, ધર્મ ધ્યાને હમેશાં ધસે. ૧
સ્વામી સૂર્યથી તેજ અપાર, મોટો આપનો મહીમા સાર;
કષ્ટ કાયા વેઠોછો અપાર, અજબ લાગેછે મુને અપાર. ૨
સ્વામી જ્યાં જ્યાં બીરાજેરે સદા, કષ્ટ કોને રેહે નહીં કદા;
વખાણ વાણીછે અમૃત ધારે, ભર્યા જ્ઞાન તણો ભંડારે. ૩
જોયાં શાસ્ત્રતો આપે અપાર, મીન મેખ ન એમાં લગાર;
સાગર શાસ્ત્રનો ઉતર્યા સાર, તર્યા ધન્ય મુની ભવ પાર. ૪
આપો બોધ ઘણાને અપાર, ધન્ય ધન્ય મુની આવાર;
હીરા તુલ્ય સ્વામીછો સદા, હુંતો કાચ રૂપછું કદા. ૫

અમરેલીથી લખીતંગ આજ, શેવક શામજી છે મ્હારાજ;
વાર એકસોને આડગણી, તીખુતોનો પાઠ બહુ ભણી. ૬
અતી વાંદુ મુનીને હું આજ, સ્નેહે સ્વીકારોને સીધરાજ;
મેરૂ તુલ્ય દીસોછો મ્હારાજ, હુંતો તરણાની તુલ્યછું આજ.૭
સાગર તુલ્ય છો સ્વામી સદા, હુંતો ખાબોચીયા રૂપ કદા;
સંઘાડાના મુગટના મણી, ધાટે બુધી વોરીછે ઘણી. ૮
સંજમ પાળવામાં શીરદાર, સ્વપ્ને સુખનો જોયો નવ સાર.
પ્રેમે પ્રસાદ લેવા નવ પ્યાર, લુખા લીઓ હમેશાં આહાર.૯
ધન્ય ધન્ય મુનીપણું ધર્યું, કામ કલ્યાણનુંતો કર્યું;
દેશો દેશ કરોછો વિહાર, ટાઢ તડકો વેઠોછો અપાર. ૧૦
સ્વામી અરજ અમારી આજ, મન માનીયે હે મહારાજ;
મે'ર અમરેલી ઉપર કરો, પવીત્ર પગલાં આપનાં ધરો. ૧૧
શ્રાવક અમરેલી કેરા આજ, સંભારે આપને સીધરાજ;
દર્શણ દેવા પધરામણી કરો, હાલ કષ્ટ હમારાં હરો. ૧૨
ગામે ગામ કરોછો વિહાર, અત્રે આવવું યોગ્ય અપાર;
માટે મે'ર કરોને મહારાજ, જેથી આનંદ થાયે આજ. ૧૩

ગોરાજી થેં મને ગોડે ન રાખ્યો. એ રાગ છે.
કેમ વસો દુર મુનીજી મારા,
ભારે લાગે મુને તપશી ભણકારા. કે. ૧
ઝાઝો પ્રેમ બાંધીને અમે બહુ જોયો,
ખરે અજ્ઞાનતામાં કાળજ ખોયો. કે. ૨
પધારતા મારે ઘેર વારંવાર,
અતી આજ હુવોજ ઝાઝો અંધકાર. કે. ૩

ઝાઝો ધર્મનો માર્ગ જણાવતા જ્યારે,
તેથી આનંદ ઉપજતો બહુ ત્યારે. કે. ૪
દેશોદેશના શ્રાવક આવતા ત્યારે,
મુનીને વાંદવાજ વળી એ વારે. કે. ૫
હાલ કૈકે કરી અગડો આપ માટે,
માટે પધારવું ઘટે મુની એ ઘાટે. કે. ૬
સદા સમરે છે આજ કુધી બાઈ સ્વામી,
ખરે વાંદવામાંજ રાખે નહીં ખામી. કે. ૭
અત્રે આરજાઓ જે વસે આ વાર,
વાંદે આપને પ્રેમથી વારંવાર. કે. ૮
શ્રાવક શ્રાવીકા અત્રેનાં આજ અપાર,
વાંદે આમને પ્રેમથી વારંવાર. કે. ૯
દર્શન કરવા ઉતાવળા આજ અપાર,
માટે પધારો મુનીજી જલદી આ ઠાર. કે. ૧૦
મારા નેત્રના મણીછો આપ આવાર,
પુજ્ય દર્શને પ્રગટે પ્રેમ અપાર. કે. ૧૧
ખબર શાછે ગુરૂ સાબના આ વાર,
એનો ઉત્તર આપો મુનીજી આ ઠાર. કે. ૧૨
મારેવાડ જાવાનો કર્યો તો વિચાર,
એનો નીશ્ચય શો કરીએ આ વાર. કે. ૧૩
ગુરૂ સેવામાં રેવું આપને ઘટે,
મોટી તાપના જેથી હમેશાં મટે. કે. ૧૪
શેવક શામજી વાંદે સ્નેહથી આજ,
ઉર આનંદથી માનીયે મહારાજ. કે. ૧૫

દુહા.

ઊગ્યો આ અવની વીશે, જૈન ધર્મ જશદાર;
સંઘાડામાં છો સદા, શીરોમણી સરદાર. ૧
આત્મ જ્ઞાનને ઓળખ્યો, અજબ મુને ઉરમાંય;
કીડી કુંજર આગળે, જાણું નહીં હું કાંય. ૨
પુન્યશાળી તો પુજ્યછો, દીન દુખ ટાળણ હાર;
ધન્ય ધન્ય મુની ધન્ય છે, પંચમ આરો સાર. ૩
જાદવજી સ્વામી તીહાં, વસે હાલ આ વાર;
વાંદુ એમને આ સમે, અતી મુકી અહંકાર. ૪
સમાચાર આપુ વળી, પ્રથક પ્રથક આ વાર;
દરીયાપરી સાધુ વળી, આવ્યાતા આ ઠાર. ૫
પરશોતમજી પુજ્યતો, નામ હતું નીરધાર;
થાણાં ત્રણ હુતાં વળી, શીરોમણી સરદાર. ૬
સાધુ એક આ ગામમાં, હિંદુસ્તાની હાલ;
આવ્યાતા આનંદથી, તે ઉઠ્યા તત્કાલ. ૭
ધામ ધુમતો ધર્મની, વારવાર અહીં થાય;
પ્રતાપ એછે આપનો, આનંદ ઉર ઉભરાય. ૮
આશા સરવે શ્રાવકો, રાખે હે રૂષીરાજ;
દરશન દેવા આ સમે, પધારીયે મહારાજ. ૯
થોડું લખીયે તોયપણ, ઝાઝું માનો જાણ;
ચીત લોભે દરશન સમું, મારા ચતુરસુજાણ. ૧૦
કુશીબાઇ સ્વામી વળી, યાદ કરેજ અપાર;
દરશન કરવા દીલમાં, ઇછે અપરંપાર. ૧૧
ચાતક ચાહે મેઘને, વછ ચાહે જેમ માત;

તેમ તમને ચાહે સહુ, વાત કહી ખરીખાત. ૧૨
અંધાને લોચન વળી, જેમજ ઉઘડી જાય;
આનંદ દર્શનથી થશે, સાચું કહુંજ સદાય. ૧૩
સાધ સાધવી જોગ ક્યાં, પુન્યવંત જે ગામ;
જો નહીં આવો હે જતી, પાપી મુજ પરણામ. ૧૪
નશીબવાન હું જો વળી, પુન્ય પધરામણી થાય;
કદી નહીં ફીરપા કરો, દીલ દુખીજ સદાય. ૧૫
વિજોગ વસમો મુજને, અંતર મારે આગ;
જો આવે અત્રે જતી, ભલાં ઉઘડે ભાગ્ય. ૧૬
પુન્ય વિના પ્રીય કો નહીં, અંતર મારે આજ;
સત્ય પ્રતિજ્ઞાછે સદા, માનું હું મહારાજ. ૧૭
ધર્મ અન્યતો ધુળછે. મારે મન મ્હારાજ;
સત્ય પ્રતિજ્ઞાછે સદા, માનું હું મહારાજ. ૧૮
ત્યાંના શ્રાવક શ્રાવિકા, વસતા જેહ અપાર;
પુન્યશાળી એ જીવને, ઝાઝા મુજ જુહાર. ૧૯
યાદ કરે બહુ આરજા, આજ એમને સત્ય;
ધર્મ ધ્યાન કરવા ભણી, પુરી રાખે પત્ય. ૨૦
કામ કાજ મારા સમુ, કેજો કરૂણાકાર;
આપ વિના આ ગામમાં, અતી હુવો અંધકાર. ૨૧
પત્ર તણો ઉત્તર વળી, જરૂર કરજો જાણ;
આનંદ તેથી ઉપજે, સંકટ ટાળણ હાર. ૨૨
સ્વપ્ને મુજને સાંભરો, હે મુની મુજ હિતકાર;
કેમ કરી હું વીસરૂં, છો મુજ હૈયાહાર. ૨૩
શેવક કેછે શામજી, અતી મુકી અહંકાર,
પુર્ણ કરો પરીયાણતો, પધારવા આ ઠાર. ૨૪

પુજ્ય સાહેબ ઉપર ગોંડલ તરફ લખેલો પત્ર. તા.૧૫-૫-૮૬

ચોપાઈ.

સ્વસ્તશ્રી ગોંડલ શુભસ્થાન, પુરા ધર્મમાં જેહ પ્રધાન,
મોટા મુનીવરો જીહાં વસે, ધર્મ ધ્યાને સર્વદા ધસે. ૧
આપે આરજાઓ જીહાં અતી, માને જગત સહુને મહાસતી.
ગુરૂ ગાદીધર મુનીરાજ, સ્વામી દેવજીછે સીધરાજ ૨
સુખશાતાએ શોભે સદાય, કષ્ટ કાયામાં નહીં કદાય,
અમરેલીથી લખીતંગ આજ, શેવક શામજી છે મ્હારાજ. ૩
મુનીરાજને વાંદુ આવાર, સ્વીકારોને સાધુ શીરદાર,
વાડ વિવેકની ત્યાં વળી, હરદમ ધર્મે ગયાછે હળી. ૪
આજ અગ્નાની દીસું હું અતી, રૂડી મુજમાં દીસે નવરતી,
ગુણ મોટા મુનીનાછે આજ, કરે ધર્મનાં ઝાઝાં કાજ. ૫
નામ લીધે પાપ નાશી જાય, શાતા થાયે શરીરે સદાય,
પુછું સુખશાતા ગુરૂતણી, મોટા જગતના દીસે જે મણી. ૬
મોટા મુનીનો મળીયોજ ત્યાંય, એવું સાંભળ્યુછે મેં આંય,
ઉર આનંદ એથી અપાર, પુજ્ય માનીયે હે પ્રીયકાર. ૭
વાંદુ સર્વેને વારંવાર, મારે સુખનો દીસેછે સાર,
આશા દર્શણ માટેછે અતી, પણ કર્મની આડીછે ગતી.૮
ગામ ગોંડળ આજે હું ગણું, ધર્મ થંભ શ્રાવીકોજ તણું,
સારા શેઠ ઘણા સરદાર, અતી ધરમે કરે ઉપકાર. ૯

છપ્પા.

ધન ધરમી આવાર, ગામ ગેંડળ હું ધારૂ,
ધન ધરમી આવાર, નકી શ્રાવક નીરધારૂં;

ધન ધરમી આવાર, શ્રાવીકા જાજાં શોભે,
ધન ધરમી આવાર, લક્ષ ધર્મે બહુ લોભે.
ધન ધન મુની મોટા માનીયે. મળ્યો મેળો એ ગામમાં,
ધીરવીર ધરમના થાંભલા, ધારૂં ગોંડળ ધામમાં. ૧
ગુણીયલ ગોંડલ ગામ, જથી શ્રાવકનો જોયો,
વડો કર્યો વિચાર, અતી અહંકારજ ખોયો;
સમાકના સરદાર, પાર પડકમણાં પાળે,
ગુણીયલ ગોંડળ ગામ, ધર્મમાં કાળજ ગાળે.
ધન ધન મુની મોટા માનીયે, મળ્યો મેળો મોટો જીહાં.
આનંદ તણો ઉદધી અતી કો મળશે આજે કીહાં. ૨
ગુરૂ વિજોગ આવાર, ગામ બીજે જ્યાં ચાલ્યા,
એ અફસોસ અપાર, મોજમાં આજ ન માલ્યા;
વખાણ સુણવા આજ, કદા ઇચ્છા જો થાય,
વૃથા કાળ વહી જાય, કેમ અગની ઓલાયે;
ધન ધન મુની મોટા માનીયે, દર્શન દુર્લભ ધારીયે,
ગુણ સાગર ગુરૂને કયમ નહીં, સદા કાળ સંભારીયે. ૩

કવિત મનહરછંદ.

વારવાર યાદ કરૂં મહા મુનીરાજ કાજ,
દાઝ મારા દેહમાં વિજોગની આ વારમાં;
દ્વાર દ્વાર ખોળી ખોળી થાકી ગયો થડમાંથી,
તોય મુની નવ મળ્યા હેત તણી હારમાં;
ખાર ખાર કેમ રાખ્યો આજ મારા ઉપરેતો,
બહુ ગોતે જડે નવ આજતો બજારમાં;
શામજી હું સત્ય કહું માહામુનીરાજ આજ,

હાલ નવ મળે મને હીરલા હજારમાં. ૧
પારાવાર દુખ વેઠી સંજમનો દીઠો સાર,
સ્વાદ સહુ ગણીયા છે આજતો અસારમાં;
સ્નેહી સદગુણ એક વોરીયો વડો વીવેક,
તનમન દીસે આજ ટેક તરવારમાં;
માહામુનીરાજે દાઝ ધરમમાં ધારી લીધી,
ઊચગુણ ઓપી રહ્યા આજતો અપારમાં;
શામજી કહુછું સાર માહામુની રાજ આજ,
હાલ એવા કોક હશે હીરલા હજારમાં. ૨
ગોંડળના ગાદીધાર દેવજી સ્વામી દાતાર,
તન મન તપેલ છે તપશાના તારમાં;
પારસમણી સમાન ધર્મ રાજા જેવું ધ્યાન,
વીવેકી વડા દીસેછે વળી એજ વારમાં;
દયાના સાગર આજ મોટા ગુણી મુનીરાજ,
અવગુણ ત્યાગીયા છે આજ તો અપારમાં;
શામજી કહુંછું સાર માહામુનીરાજ આજ,
હાલ એવા કોક હશે હીરલા હજારમાં. ૩

સવૈયા ઇંદ્રવિજય છંદ.

પ્યાર અપાર કરી પરમારથ, કેમ ગુરૂ અમને તરછોડ્યા,
કેમ ગમે અમને ગુરૂના વિણ, છેક વિજોગ થકીજ છંછેડ્યા;
એ ઘટતું નથી આપને હે ગુરૂ, છેક તમે અમને કયમ છોડ્યા,
શામજી દર્શન દ્યો ગુરૂ આપજ. તો અમતાપ બહુ બહુ તોડ્યા. ૧

સોરઠા.

વિજોગ ગુરૂ આવાર, સાલે સંકટ સામટું;

ગુણીયલ ગુરૂ આ ઠાર, ક્યાંથી ગોતી કાઢીએ. ૧
રસાળવાણી આજ, મુખમાંથી અમૃત ઝરે;
એવા ગુરૂ મુનીરાજ, ક્યાંથી ગોતી કાઢીએ. ૨
આજે પ્રશ્ન અનેક, પુછું કોને પાધરા;
છાના રાખું છેક, ગુરૂવિના આ ગામમાં. ૩
શીખામણ દેનાર, ગુરૂ હતા આ ગામમાં;
લક્ષ્મી નવ લેનાર, એવા ગુરૂ ક્યાંથી મળે. ૪
સુધારીયું આ ગામ, અતી અજ્ઞાની જે હતું;
ધરમે કરીયું ધામ, એવા ગુરૂ ક્યાંથી મળે. ૫
શ્રાવક સરવે આજ, સમરે ગુણ ગુરૂરાજના;
આપ હાથમાં લાજ, એવા ગુરૂ ક્યાંથી મળે. ૬

દુહા.

હવે હાથ જોડી કહું, હે ગુણીયલ ગુરૂરાજ;
ક્ષમા દોષ મારા કરો, રાખો મારી લાજ. ૧
શ્રાવક સરવે આંહીના, સમરે ગુણ ગુરૂરાજ;
ક્ષમાદોષ તેના કરો, રાખો તેની લાજ. ૨
વંદન સર્વે શ્રાવકો, કરેજ વારંવાર;
સ્નેહ થકી સીધરાજ તો, સ્વીકારજો આવાર. ૩
ત્યાંના શ્રાવક શ્રાવીકા, વસતા જેહ અપાર;
કરૂં એમને આ સમે, ઝાઝા હું જુહાર. ૪
ધર્મ ધ્યાન બહુ સહુ કરે, એવી રાખું આશ;
ગુણીયલ ગોંડલ ગામછે, દાખે સાચુ દાસ. ૫
ઓણ ચોમાસુ અત્ર તો, સાધુ કેરૂં થાય;
જરૂર જેચંદજી અહી, પ્રેમે તો પધરાય. ૬

એવી મારી આશછે, નહી કરશો નીરાશ;
આપ વળી મોટા દીસો, અરજ અમારી ખાસ. ૭
સારા સાધુ સંચર્યે, શ્રાવક સુધરે સારે,
શ્રાવકને સુધારવા, વદુ હું વારંવાર. ૮
કોય કાળ દર્શણ દીઓ આપ અમોને આજ;
પાપ નીવારણ માહરાં, કરજો હે મુનીરાજ. ૯
સાગર તુલ્ય સ્વામી સદા, ખાબોચીયું હું ખાર;
અવગુણ સામું નવ જુઓ, વળી દયા દાતાર. ૧૦
ખબર અમારી લેઇને, કરોજ સુખીયા સાર;
વડો એજ વેપાર છે, અતી માનું ઉપકાર. ૧૧
લખ્યું હું થોડું તોયપણ, ઝાજું માનો જાણ;
કામકાજ સુખે કહો, પુરા ધર્મના પ્રાણ. ૧૨
જવાબ આવે પત્રનો, એવી શેવક આશ;
શામજી કે'છે શીષ્યને, નહિ કરશો નીરાશ. ૧૩

શ્રાવકને ઉપદેશ.

દુહા.

ઉત્તમ આ અવની વીશે, જૈન ધર્મ જયદાર;
પાખંડીના પંથને, ત્યાગ તુરત આ વાર. ૧
દયા સમોવડ કોય નહીં; ગુણ બીજો ગુણવાન;
રાખો એ રૂદયા વીશે, પ્યારો ગણ જો પ્રાણ. ૨
શુધ સમકીતમાં સંચરો, શુધ શ્રધા સરદારે;
પુર્ણ પરીક્ષા કીજીયે; વીવેકનો વીસ્તાર. ૩
ભુખ્યાને અનનો વળી, તરશા જળ આધારે;

જીવ દુર્ગતથી ટાળવા, દયા ધર્મ આધાર. ૪
પંખીને આકાશનો, સાગર નાવ આધાર;
જીવ દુર્ગતથી ટાળવા, દયા ધર્મ આધાર. ૫
પશુને જ્યમ જંગલ તણો, ઔષધ દુખ આધાર;
જીવ દુર્ગતથી ટાળવા, દયા ધર્મ આધાર. ૬
ભુલ્યાને જ્યમ સાથનો, અતીશે જ્યમ આધાર;
જીવ દુર્ગતથી ટાળવા, દયા ધર્મ આધાર. ૭
શુધ સમ્યકતો કરો, એથી પુન્ય અપાર;
દાન સુવર્ણ ઢગલા કરો, વધે ન એથી લગાર. ૮
સ્વારથીયો સંસાર છે, અવગુણ ભર્યા અપાર;
સંજમ ધારી ધન્ય છે, ધન્ય સાધુ શીરદાર. ૯
મોહ અને માયા મળી, જંન ફસાવણ હારે;
દુર્ગતના દરીયાં વીશે, ધાર ધસાવજનાર. ૧૦
દેવ ગુરૂને ધર્મના, તુરત ધરજે ટેક;
શ્રાવક નામજ શ્રેષ્ઠ છે, વોરે જે વિવેક. ૧૧
જીવ સરખાતો જાણજે, પ્રાણી માત્ર પ્રમાણ;
દયા સર્વપર કીજીયે, ઉત્તમ ગુણ એધાણ. ૧૨
માટે મમતા પરહરી, મોટા ભજ મહાવીર;
જન્મ સફળ જેથી થશે, ધારણ રાખો ધીર. ૧૩
અંતે ધર્મજ આવશે, બીજા રે'શે બ્હાર;
માટે શ્રી મહાવીરને, સેવો સુખ્ખીયા સાર. ૧૪
શામજી કે'છે આ સમે, કો ન સગા આ કાળ;
જ્ઞાન ધ્યાન ઝટ આદરો, સાચી લ્યો સંભાળ. ૧૫

અથ જીવરાસ લખીછે (અન્યની બનાવેલી.)

હવે રાણી પદમાવતી જીવરાશ ખમાવે,
જાણુપણુ જગ દોહલું એણી વેળાએ આવે;
તે મુજમીચ્છામી દુકડંમ. ૧
ભવ અનંતાએ કરી અરીહંતની શાખ,
જે મેં જીવ વંરોવીયા, ચોરાશી લાખ. તે મુજ. ૨
સાત લાખ પૃથ્વી તણા, સાતે અપકાય;
સાત લાખ તેઉ કાયના, સાતે વળી વાય. તે મુજ. ૩
દશ લાખ પ્રતક્ષ વનસ્પતી, ચાદે સાધારણ;
બે તે ચોરંદી જીવના, બબે લાખ વીસાર. તે મુજ. ૪
દેવતા ત્રીજંચ નારકી, ચારે ચાર પ્રકાશી;
ચૌદલાખ મનુષના, એવા લાખચોરાશી. તે મુજ. ૫
આ ભવે પરભવે સેવીયા, જે પાપ અઢાર;
ત્રીવીધે ત્રીવીધે કરી વોસરૂ, દુરગત દાતાર. તે મુજ. ૬
હીંસા કીધી જીવની, બોલ્યા મૃખાવાદ;
દોશ અદતા દાનનો, મૈથુન ઉનમાદ. તે મુજ. ૭
પરીગ્રહો મેળો કારમો, કીધો ક્રોધ વિશેષ;
માન માયા લોભ મેં કીયા, વળી રાગને દ્વેશ. તે મુજ. ૮
કલેશ કરી જીવ દુવીયા, દીધાં કુડાં કલંક;
નીંદા કીધી પારકી, રત અરતને શંક. તે મુજ. ૯
ચાડી ખાધી ચોતરે, કીધો થાપણ મુસો;
કુગુરૂ કુદેવ કુધર્મનો, ભલો આણ્યો ભરૂસો. તે મુજ. ૧૦
ખાટકીના ભવ મેં કીયા, જીવની વીધ ઘાત;
ચડી માર ભવે ચરકલાં, માર્યાં દીવસને રાત. તે મુજ. ૧૧
મછીને ભવે માછલાં, ઝાલ્યાં જળવાશી;

ધીમર ભીલ કોળી ભવે, મૃગ પાડ્યા મેં ફાંશી. તે મુ. ૧૨
કાજી મુલ્લાને ભવે, પઢ્યા મંત્ર કઠોર;
જીવ અનેક જબ્બે કીયા, કીધાં પાપ અઘોર. તે મુજ. ૧૩
કોટવાળના ભવ મેં કીયા, આકરાકર દંડ;
બંધીવાન મરાવીયા, કોરડા છડી દંડ. તે મુજ. ૧૪
પરમા ધામીને ભવે, કીધાં નારકી દુખ;
છેદન ભેદન વેદના, પાડતા અતીરીવ. તે મુજ. ૧૫
કુંભારના ભવ મેં કીયા, નીંભાડા પચાય;
તેલી ભવે તલ પીલીયા, પાપે પેટ ભરાયા. તે મુજ. ૧૬
હાળી ભવે હળ ખેડીયા, ફોડ્યાં પૃથ્વીનાં પેટ;
સુડ નીંદણ કીધા ઘણા, દીધા બળદ સપેટ. તે મુજ. ૧૭
માળી ભવે રોપ રોપીયા, નાનાવીધનાં વૃક્ષ;
મુળ પત્ર ફળ ફુલનાં, પાપ લાગ્યાં અલક્ષ. તે મુજ. ૧૮
અઘોવાયા આગમી, ભર્યા અદકા ભાર;
પોઠી ઊંટ કીડા પડ્યા, દયા નાણી લગાર. તે મુજ. ૧૯
છીંપાને ભવે છેતર્યા, કીધા રંગણ પાસ;
અગ્ની આરંભ કીધા ઘણા, ધારતુ વાદી અભ્યાસ. તે. ૨૦
શુરપણે રણ જુજીયા, માર્યા માણસ વૃંદ;
મદીરા માંશ ભખણ ભખ્યા, ખાધાં મુળને કંદ. તે. ૨૧
ખાણ ખણાવી ધાતુની, સરપાણી ઉલેચ્યાં;
આરંભ કીધા અતો ઘણા, પોતે પાપ જે સંચ્યા. તે મુ. ૨૨
ઈંગાળ કર્મ કીધાં વળી, ધર્મ દ્વવ્જ દીધા;
સમ ખાધા વીતરાગના, કુડા કોશજ પીધા. તે મુજ. ૨૩
બીલી ભવે ઊંદર ગળ્યા, ગરોળી હત્યારી;
મુંઢ ગેમાર તણે ભવે, મેં જુ લીખમારી. તે મુજ. ૨૪

બાડ ભુજીયાને ભવે, એકેંદ્રી જીવ;
જાર ચણા ધઉં શેકીયા, પડતા અતીરીવ. તે મુજ. ૨૫
ખામણાપી સણગારના, આરંભ અનેક;
રાંધણ સોંધણ અગ્નીનાં, પાપ લાગ્યાં વીશેક. તે મુ. ૨૬
વીકથા ચાર કીધી વળી, સેવ્યા પાંચે પ્રમાદ;
અષ્ટ વિજોગ પડાવીયા, રૂદન વીખવાદ. તે મુજ. ૨૭
સાધ અને શ્રાવક તણાં, વ્રત લેઇને ભગયાં;
મુળને ઉતર તણા, મુજ દોખણ લાગ્યા. તે મુજ. ૨૮
સાપ વીંછી સીંહ ચીતરા, ચકરાને સમળી;
હંસક જીવ તણે ભવે, હીંસા કીધી સબળી. તે મુજ. ૨૯
સુવાવણ દોખણ ઘણા, વળી ગર્ભ ગળાવ્યા.
જીવાણી ઢોળા ઘણા, શીયળવ્રત લેઇને ભંજવ્યા. તે. ૩૦
ભવ અનંતા ભમતા થકા, કીધા કુટુંબ સંબંધ;
ત્રીવીધે ત્રીવીધે કરી પરહરૂં, તે શું નહી પ્રતીબંધ. તે. ૩૧
ભવ અનંતા ભમતા થકા, કીધા દેહી સંબંધ;
ત્રીવીધે ત્રીવીધે કરી વોસરૂ તે શું નહી પ્રતીબંધ. તે. ૩૨
હવે રાણી પદમાવતી, સરણા કીધાં ચાર;
સાગારી અણસણ કરી, જાણપણાનુ સાર. તે મુજ. ૩૩

રાગ વેરાડી.

જે સુણો એ ત્રીજી ઢાળ, સમય સુંદર કહે પાપથી;
છુટજો તતકાળ, તે મુજ મીછામી દુકડં. ૩૪

આજી વરાસ મર્ણના અંતે, બોલવાની તે; શુધ વસ્ત્ર ને આંદો પણ શુધ જોઇએ અને તેને શુધી જોઇએ તથા વાંચનારે મોઢા આગળ લુગડું રાખી વાંચવું.

સમાપ્ત.